

અર્હદ્
પ્રેરણા
પત્ર
❖ વર્ષ : 33 ❖ અંક : 3 ❖ S.No. : 491
❖ તા.16-6-2026 ❖ જૂન
છૂટક નકલ : રૂા.6/-

## શેરીસા તીર્થ, અમદાવાદ ન્યુ વાસણા સંઘે તથા અકોટા વડોદરામાં થયેલી બાળ સંસ્કરણ શિબિરોની ઝલકો




**Motivational Session**





બાળ સંસ્કરણ શિબિરના ફનફેર, મ્યુઝિકલ અંતાક્ષરી, IPL વગેરે વિવિધ એક્ટિવિટીઝમાં ઉત્સાહભેર ભાગ લેતા શિબિરાર્થીઓ




બાળ શિબિરમાં સંગીત સાથે ઉત્સાહભેર અષ્ટપ્રકારી પૂજા કરતા બાળકો તથા બાળિકાઓ




એલર્ટ ગ્રુપ તથા બ્રાહ્મીસુંદરી ગ્રુપનું પૂજ્યશ્રીની નિશ્રામાં પારિવારિક મિલન તા.૭-૬-૨૦૨૬

તં દેવદેવ મહિઅં સિરસા વંદે મહાવીરમ્

અર્હદ્ પ્રેરણા પત્ર

વર્ષ : 33 ❖ અંક : 4
S.No. : 492 ❖ વિ.સં.2082
તા.16-7-2026 ❖ જુલાઈ

: માલિક :
**અર્હદ્ ધર્મ પ્રભાવક ટ્રસ્ટ**
૧૭, ઈલોરા પાર્ક, જૈન દહેરાસરની સામે,
નારણપુરા ચાર રસ્તા, અમદાવાદ-૧૩.
ફોન : 079-2768 1317

430, પંચરત્ન બીલ્ડીંગ, ૨જે માળે,
એમ.પી.માર્ગ, ઑપેરા હાઉસ, મુંબઈ - 4.
ફોન : 022-23631564, 23808621
(M) 93225 14188 (Time : 12 to 5)
manasmandirtrust@gmail.com
www.shreejainalertgroup.org

તંત્રી–મુદ્રક–પ્રકાશક
**કલ્પેશભાઈ વિ. શાહ**
અમદાવાદ

ટાઈપ સેટીંગ
**સમ્યક્ ડીઝાઈન એન્ડ પ્રિન્ટ**
અમદાવાદ

મુદ્રક
સર્વોદય ઓફસેટ
અમદાવાદ
મો. : 98245 15514

આજીવન લવાજમ : રૂા. ૫૦૦/–
છૂટક નકલ : રૂા. ૬/–


॥ શ્રી પ્રેમ-ભુવનભાનુ-જયઘોષ-રાજેન્દ્ર-હેમરત્નસૂરીશ્વરેભ્યો નમઃ ॥

**યુવાનોના ઉત્કર્ષ કાજે યુવાનો વડે ચાલતું મેગેઝીન**

દિવ્યકૃપા : યુવાહૃદયસમ્રાટ્ સ્વ.પૂજ્ય આચાર્ય શ્રી હેમરત્નસૂરીશ્વરજી મહારાજા

લેખક : પ.પૂ.પં.શ્રી હૃદયરત્ન વિ.ગણિ





## પ્રાર્થના

હે પ્રભુ ! પહેલીવાર તારા દર્શને આવ્યો છું. મહિના સુધી હૉસ્પિટલના બિછાને તારી યાદ આવી. બધા કહે, પ્રભુની કૃપાથી તમે હાર્ટઍટેકથી બચી ગયા. પ્રભુ મને હવે સમજાયું છે. એક સારી કમાતી ફેક્ટરીનું સંચાલન મેનેજર જો સારી પેઠે ન કરે, ફૅક્ટરી ફડચામાં જાય તો માલિક મેનેજરને રવાના કરી દે છે.

પ્રભુ ! તેં મને જીવન જીવવા શરીર રૂપી સુપર ફૅક્ટરી મેનેજ કરવા આપી. પરંતુ હું નિષ્ફળ રહ્યો, શરીરની સંભાળ ન કરી શક્યો. ફૅક્ટરીને ગટર જેવી બનાવી દીધી. તે આપેલી પાંચે ઈન્દ્રિયોનો ઉપયોગ આત્મહિતમાં કરવાને બદલે વિલાસ કરવામાં કર્યો.

પ્રભુ ! જે આવ્યું તે પેટમાં પધરાવ્યું. ક્યારેક વાઈન તો ક્યારેક કબાબ. ક્યારેક ઢોંસા તો ક્યારેક બીયર ! મઝા લેવા મેં શું શું નથી કર્યું તે સવાલ છે. તેના કારણે જ મારી ફેક્ટરી અચાનક બંધ પડી ગઈ.

ભયંકર શૂળ ઉપડ્યું. લોકો હૉસ્પિટલ લઈ ગયા અને ખરેખર તારી જ કૃપાથી બચી ગયો છું. પ્રભુ ! હવે તને પ્રોમિસ કરું છું કે, તેં આપેલા આ શરીરને હવે અપવિત્ર નહીં કરું. મારા મનને અને ચિત્તના તમામ પ્રદેશોને પવિત્ર અને શુભ વિચારોથી જ વાસિત રાખીશ. પ્રભુ તેં આપેલા હાથ, પગ અને મગજનો ઉપયોગ બીજાના ભલા માટે કરીશ. પ્રભુ ! બે હાથ જોડી વિનંતી કરું છું કે, તું મને આવું કરવાની બુદ્ધિ અને શક્તિ આપજે વહાલા ! તારો ઉપકાર ક્યારેય નહિ ભૂલું. હવે મારા મન–વચન અને કાયાને નેટ એન્ડ ક્લીન રાખીશ.

## સંવેદના

આર્ય સંસ્કૃતિમાં લગ્ન તે પવિત્ર બંધન સમાન હતાં. જૈનોના પ્રથમ તીર્થંકર ઋષભદેવના પણ બે કન્યાઓ સાથે લગ્ન કરાવવા સ્વર્ગના ખુદ ઈન્દ્રો આવ્યા હતા. લગ્ન તે મર્યાદા ધર્મ બન્યો.

શ્રીરામે સીતા માતા માટે રાવણ સાથે યુદ્ધ નથી કર્યું. તેમને તો બીજી પણ પત્નીઓ હતી. વળી સીતા સતીને એક હનુમાનજી પણ રાવણની લંકામાંથી સહેલાઈથી ઉઠાવીને લાવી શક્તા હતા. તેમ છતાં શ્રીરામે રાવણ સાથે યુદ્ધ કર્યું તે હકીકતમાં મર્યાદા સામે યુદ્ધ હતું. માટે તે ધર્મયુદ્ધ કહેવાયું. કર્તવ્યોનું અને મર્યાદાઓનું પાલન કરવું અને પ્રજા પાસે કરાવવું તે રાજાઓનું કર્તવ્ય હતું. ન કરે તેને દંડ કરવો તે રાજનીતિ હતી. ધર્મ હતો.

વર્તમાનમાં પવિત્ર લગ્નપ્રથા શિક્ષિત અને આધુનિક્તાના ચાળે ચડેલી પ્રજામાંથી વિસરાતી જાય છે. તેથી તેના માઠા પરિણામો પણ સામે આવતા જાય છે. આર્ય સંસ્કૃતિને ખતમ કરવાનના પ્રયાસમાં સરકાર પણ ભળે ત્યારે શું બાકી રહે ? બ્રેકઅપ અને પેચઅપના વિલાસી વાવાઝોડાને સેલિબ્રીટી લૉબી ભરપૂર સહાય કરી આર્યસંસ્કૃતિની મઝાક ઉડાવી રહી છે.

નકરી વર્ણશંકર માનવજાત પેદા થઈ રહી છે. ઑરિજીનાલીટી બધેથી જાણે ખતમ થવા આવી છે. સારી, શૌર્યવાન, ખાનદાન જ્ઞાતિઓના મૂળીયા ખતમ થવા આવ્યા છે. બધો ભેળસેળીયો માલ પોતાનું અને રાષ્ટ્રનું શું ભલું કરશે તે સવાલ છે ?



**હેમસૂત્ર** — **હે તરૂણ ! સ્વચ્છંદતા, ઉન્માદ અને અવિવેક તારી યુવાનીને કલંકિત અને ઘડપણને બગાડી નાંખશે. જરા સમજ !**

# 30 મારું જીવન અંજલિ થાજો

## છ જીવ કરુણાય

આ કર્તવ્યમાં **'છ જીવ'** અને **'કરુણા'** આમ બે પદ છે. તેમાં બીજું **'કરુણા'** પદ જોઈએ. પછી તે કરુણા શ્રાવકે કોના ઉપર કરવાની છે ? અને તે કર્તવ્ય કેમ બને છે ? તેની વાત કરશું.

કરુણા એટલે **'દયા'** પણ કહી શકાય. જીવો પર દયા કરવી. અર્થાત્ જીવદયાનું પાલન કરવું તે. જીવદયા શબ્દથી મોટેભાગે ક્ષુદ્ર જીવો પર પણ થઈ શકે. જેમ કે, પ્રભુએ આપણા પર કરુણા કરી મુક્તિનો માર્ગ બતાવ્યો !

કરુણા તે અંતરનો પરિણામ છે. તે તીર્થંકર પરમાત્મામાં ઉત્કૃષ્ટ હોય છે. માટે તીર્થંકર પરમાત્માને કરુણાસાગર કહેવાય છે, કરુણાનિધાન કહેવાય છે, કરુણાકર કહેવાય છે.



આત્મામાં પડેલી કરુણા તેવા નિમિત્ત મળતાં એક્ટિવ થાય છે. તે દ્રવ્ય કરુણા કે દ્રવ્યદયા કહેવાય છે. જેમકે, કોઈ ગરીબને જોઈ અંતરમાં પડેલો કરુણાનો ભાવ ઍક્ટિવ થયો એટલે ખીસ્સામાંથી પૈસા કાઢીને તેને દાન કરવાનું થાય છે. તેને સહાય કરવાનું થાય છે. અંદરમાં પડેલો ભાવ તે **ભાવકરુણા** છે. જ્યારે તેને કોઈ ચીજ વડે મદદ કે દાન કરાય છે ત્યારે તે **દ્રવ્યકરુણા** કહેવાય છે.

શ્રાવકો કે ગૃહસ્થો દ્રવ્ય અને ભાવથી જીવો ઉપર કરુણા કરે છે. જ્યારે સંસારત્યાગી અથવા જેમની પાસે આપવા દ્રવ્યસ્વરૂપ વસ્તુ નથી તેઓ માત્ર ભાવદયા કે ભાવકરુણા કરે છે. મદદ કરી શક્તા નથી. તે પણ ભાવધર્મ છે.

**પ્રશ્ન :** સાંભળ્યું છે કે, દ્રવ્યધર્મ કરતાં ભાવધર્મ ઊંચો છે. તેની કિંમત વધારે છે. તો ભાવદયા જ કરાય ને ? દ્રવ્યદયા કરતાં તો વધુ લાભ છે ને ?

**જવાબ :** તમારી વાત એક દૃષ્ટિએ સાચી છે. દ્રવ્ય કરતાં ભાવની કિંમત વધારે જ છે. પરંતુ જેની પાસે દ્રવ્યનો અભાવ છે તેના માટે ભાવ પ્રધાન છે. પણ જો દ્રવ્યથી કરુણા કરી શક્તો હોય છતાં માત્ર ભાવથી સંતોષ માને તો તે 'ભાવ' ભાવ નથી.

મહેમાનો જમાડવાનો જેમ ભાવ જોઈએ તેમ આંગણે આવ્યા હોય તો રસોઈ કરી જમાડવા પણ પડે. તો મહેમાનની ભક્તિ કરી કહેવાય. તમે કહો કે, મને જમાડવાના ઘણા ભાવ છે પણ જમવા બોલાવો જ નહીં તો ચાલે ? સંસારત્યાગી સાધુ ભગવંતો પાસે દાન કરવા માટે કોઈ ચીજ નથી. કારણ તેમની પાસે પોતાનો કોઈ પરિગ્રહ નથી જેથી ગરીબ ઉપર દયા કરવી હોય તો શી રીતે કરે ? તેઓ પોતે પણ ભિક્ષાવૃત્તિથી સામગ્રી મેળવે છે. પછી બીજાને તેમાંથી કેવી રીતે આપે ?

**પ્રશ્ન :** પણ પોતાની પાસે આવેલી સામગ્રીમાંથી તો ભિખારી - ગરીબને દાન કરી શકે ને ?

**જવાબ :** સાધુ ભગવંતોના આચાર-નિયમો તમે જાણતા નથી માટે આવા પ્રશ્નો કરો છો. જરા ઊંડા ઊતરશો તો ભગવાનના શાસન માટે તમારું મસ્તક નમી જશે. તેમનો આચાર જ એવો છે, કે તેમના પાતરામાં આવ્યું તે તેમના સંયમના પોષણ માટે શ્રાવકોએ કે ગૃહસ્થોએ આપ્યું છે. હવે જો તેનો ઉપયોગ બીજાને આપવા કરે તો આપનારનો વિશ્વાસભંગ થાય તે તો મોટું પાપ થાય !

બીજી વાત પોતે સંયમી છે અને પોતાના પાત્રામાંથી જો ગરીબને ખાવા આપે તો ગરીબ માણસ તો સંસારી છે. એટલે તો તેના સંસારની પુષ્ટિ થવાની અને તેમાં આપનારને પણ અનુમોદના થવાથી સાધુનો પણ સંસાર વધશે. તે પાપ સ્વરૂપ હોવાથી સાધુ ભગવંતો પોતાને ભિક્ષામાં મળેલ વસ્ત્ર, પાત્ર, આહાર, ઔષધ વગેરે ચીજો બીજાને દાનમાં આપી શક્તા નથી આવો લોકોત્તર એમનો આચાર છે.

**પ્રશ્ન :** તો પછી સાધુ ભગવંતોએ કોઈ દાન કરવાનું રહેશે જ નહીં ને ?

**જવાબ :** ભઈલા ! સાધુ ભગવંતો જે દાન કરે છે, તેવું દાન તો દુનિયામાં કોઈ નહીં કરી શકે ! તે દાન છે

**"ઉપદેશદાન"**, **અભયદાન** અને મુમુક્ષુ જીવોને **ચારિત્રનું દાન** અને છેલ્લે શ્રાવક-શ્રાવિકાઓને **વ્રત-નિયમોનું દાન.** પેલા દાન તો લૌકિક દાન છે, ઘણા કરે છે. પણ ઉપરોક્ત દાન તો લોકોત્તર છે જે આપવાના અધિકારી પણ માત્ર આચાર્ય ભગવંતો એટલે કે, સાધુ ભગવંતો છે. તે દાનની સામે તેવી કોઈ ડિમાંડ કે અપેક્ષા હોતી નથી માત્ર ને માત્ર આપણા સહુને તારવાની બુદ્ધિથી, કરુણાના ભાવથી દાન આપે છે.

માટે શ્રી તત્ત્વાર્થકારિકામાં પૂર્વધર ઉમાસ્વાતિજી મહાત્મા લખે છે -

**"નર્તે ચ મોક્ષમાર્ગાત્ હિતોપદેશોઽસ્તિ જગતિ કૃત્સ્નેઽસ્મિન્"**

આ જગતમાં મોક્ષમાર્ગનો હિતોપદેશ આપવા સ્વરૂપ - અન્ય કોઈ ઉપદેશદાન નથી તેથી હું મોક્ષમાર્ગ ને જ કહીશ.

આમ કરુણા માત્ર ક્ષુદ્ર જીવો ઉપર જ નહીં આપણા જેવા ઉપર પણ ઉત્તમપુરુષો કરે છે.

પ્રભુ થનાર આત્માના અંતરમાં જ્યારે સર્વજીવોના દુઃખોને દૂર કરવાનો (પરમકરુણા) ભાવ આવે છે ત્યારે તેઓને તીર્થંકર નામકર્મનો બંધ થાય છે. પછી તીર્થંકર બની જીવોના કલ્યાણનો માર્ગ સહુને બતાવે છે.

ગણધર ભગવંતો પ્રભુની વાણી ઝીલે છે. ત્યારબાદ આગળ જતાં તે વાણીને પૂજ્ય આચાર્ય ભગવંતો કરુણાની કલમે ગ્રંથસ્થ કરી આપણા સુધી પહોંચાડવાનું કાર્ય કરે છે.

પ્રભુ મહાવીરદેવના સાધનાકાળનો એક પ્રસંગ શ્રી કલ્પસૂત્રના વ્યાખ્યાનોમાં તમે અચૂક સાંભળ્યો હશે.

પ્રભુ કનખલ વનમાં જઈ અને ત્યાં રહેલા ચંડકૌશિક સર્પને પ્રતિબોધ કરવા એક ગામમાં પધાર્યા. લોકોએ જાણ્યું કે, આ દેવાર્ય કનખલ નામના ભયાનક વનમાં જઈ રહ્યા છે. લોકોએ ઘણી ના પાડી, કે પ્રભુ ! ના જશો ત્યાં ચંડકૌશિક નાગ મહાભયાનક છે. કેટલાય પ્રાણીઓને પોતાની તેજોલેશ્યાથી બાળીને સાફ કરી નાંખ્યા છે. લીલાછમ ઊભા વનો પણ આગથી બળી કાળામેંશ થઈ ગયા છે. આપ ત્યાં ના જશો. પણ પ્રભુ તો ગયા. કેમ ? તો તેમને કરુણા એટલી હતી કે, જીવદયા કર્યા વિના કેમ રહી શકે ?

ત્યાં એક શિલા પર કાયોત્સર્ગ ધ્યાને ઊભા રહ્યા. ચંડકૌશિયો પોતાનું ભક્ષ્ય સમજી ફૂંફાડા મારતો આવ્યો. પ્રભુના પગના અંગૂઠે ડંખ માર્યો છતાં પ્રભુ તો તેના ઉપર કરુણા જ વરસાવી રહ્યા છે. ઘટના એવી બની, કે ડંખમાંથી લોહી નીકળવાને બદલે દૂધની ધારા વહી. ત્યાં ચંડકૌશિક અચંબામાં પડ્યો.

તેનો ગુસ્સો શાંત પડ્યો, મનના ભાવો પલટાયા. ત્યારે પ્રભુએ તક જોઈ **'બુજ્ઝ બુજ્ઝ ચંડકૌશિયા'** શબ્દો ઉચ્ચાર્યા અને ચંડકૌશિક નાગને ત્યાં જાતિસ્મરણ જ્ઞાન થયું. તે બોધ પામ્યો. અનશન કર્યું અને ૧૫ દિવસ પછી ૮માં વૈમાનિક દેવલોકમાં દેવ થયો.

નાગના ભાવની રક્ષા કરવા ભગવાન સતત ત્યાં ૧૫ દિવસ ઊભા રહ્યા. તેય ૧૫ નિર્જલા ઉપવાસ સાથે ! આ છે, પ્રભુની અપાર કરુણા ! માટે તો કરુણાસાગર કહેવાયા ! કહેવાય છે, પ્રભુની કરુણા ચોવીસ કલાક એક્ટિવ હોય છે. તમારું પાત્ર ખુલ્લું હોય અને તે કરુણાના નેટવર્કમાં આવો તો તમારું પણ કલ્યાણ થાય !

પ્રભુએ એક તિર્યંચ ક્ષુદ્ર જીવ ઉપર જેમ કરુણા કરી તેમ રાજા શ્રેણિકના પુત્રે પ્રભુ પાસે દીક્ષા લઈ સાધુ બનેલા એવા મેઘકુમાર ઉપર પણ કરુણા કરેલી !

દીક્ષાની પહેલી રાત્રે મેઘકુમારનો સંથારો (સુવાની જગ્યા) દરવાજા પાસે કરવામાં આવેલો (નાના મુનિ હોવાથી ક્રમાનુસાર છેલ્લે જગ્યા મળી.) મેઘકુમાર રાજકુમારમાંથી મુનિ બનેલા. એટલે ગૃહસ્થાવસ્થામાં મુલાયમ શય્યા પર સુનારા હતા, પોતે પણ ગુલાબની પાંખડી જેવા કોમલ હતા. દરવાજેથી આવતાં-જતાં મુનિઓના પગની રજ તેમના સંથારામાં પડતી હતી. રાત્રે સૂતા પછી આ રજ ખૂંચવા લાગી. ઊંઘમાં વિક્ષેપ પડ્યો, મન દુભાયુ અને વિચારવા લાગ્યા, ઓહ ! આજે તો પહેલો દિવસ છે. મને રજ ખૂંચવાથી ઊંઘ ઊડી ગઈ. ઉજાગરો થશે. આવું જો રોજ બને તો કેવી રીતે સહન કરીશ ? જિંદગી તો લાંબી છે અને આની ફરિયાદ પણ કોને કરવી ? સંયમના પરિણામો પડવા લાગ્યા. આર્તધ્યાન આવવા લાગ્યું - અંતે મનોમન નિર્ણય કર્યો.

સવાર પડે, પ્રભુ પાસે જઈશ, વંદન કરી કૃપાળુને વિનંતી કરીશ કે પ્રભુ ! આ સંયમ હું પાળી શકું તેમ નથી, અને મારું રજોહરણ પ્રભુને પરત કરી દઈશ.

સવાર પડી, સહુની સાથે મેઘકુમારમુનિ તૈયારી સાથે પ્રભુ પાસે આવ્યા. પ્રભુ તો પોતાના કેવળજ્ઞાનના પ્રકાશમાં મુનિના મનમાં થયેલા સંકલ્પ-વિકલ્પોને

જાણતા જ હતા.

પ્રવેશતાં જ પ્રભુએ વાત્સલ્ય ભાવથી પોતાની પાસે બોલાવી કહ્યું, "મેઘ ! રાત્રે તને જે આર્તધ્યાન થયું છે અને તને સંયમપ્રત્યે જે અભાવ થયો છે. તો સાંભળ ! તારા હાથીના ભવમાં તેં અન્ય પ્રાણીઓની દયા માટે કેવા કઠોર કષ્ટો વેઠ્યા હતા. આગથી બચવા તેં જંગલમાં કરેલા માંડલામાં એક સસલાને બચાવવા તું અઢી દિવસ એક પગ પર ઊભો રહી કેવી મુશ્કેલીઓ વેઠેલી તેના કારણે જ તારું મૃત્યુ થયું. તે દયાના પ્રચંડ પુણ્યથી તું અહીં રાજકુમાર તરીકે જન્મ્યો."

હે ધીર ! વીર ! હવે તું માત્ર સંથારામાં રજકણો ખૂંચવાનો પરિસહ નથી સહન કરી શક્તો ? અને તે પણ રજકણો તારા વડીલો જ્ઞાની સંયમી મહાત્માઓની છે, તું નથી જાણતો ? પ્રભુના ગંભીર અને વાત્સલ્ય સભર કરુણાથી ભરેલા વચનો સાંભળી મેઘકુમારના ભાવો પલટાયા, વૈરાગ્ય ઉછળવા લાગ્યો. સંયમ પ્રત્યે થયેલા દુર્ભાવનો પછતાવો થવા લાગ્યો. ત્યારે પ્રભુ પાસે અભિગ્રહ કર્યો કે, હે પ્રભુ ! હવે પછી મારી આંખ સિવાય શરીરની શુશ્રૂષા ક્યારેય નહીં કરું !

મેઘકુમારને આ રીતે પ્રભુએ કરુણા વરસાવી સંયમ બાગમાં સ્થિર કર્યો સંસારમાં ડૂબતી નાવ બચાવી લીધી માટે તો નમુત્થુણં સૂત્રમાં પ્રભુને **"ધમ્મસારહિણં"** કહ્યા છે. અર્થાત્ પ્રભુ આપણી નાવના સારથિ છે. નાવિક છે.

તમને કરુણાનું સ્વરૂપ બરાબર સમજાઈ ગયું હશે.

આપણા ઉપર આપણા માતા-પિતા તથા વડીલોની પણ કરુણા હોય છે. માટે તો માતાને પણ કરુણામયી કહેવાય છે.

**પ્રશ્ન : માતાની કરુણા કેવી રીતે ? તેની તો ફરજ છે ને ?**

**જવાબ :** ભલે સ્વાર્થ હોય તો પણ કહેવાય તો કરુણા ને ? કેટલીક માતાઓ ગર્ભમાં જ બાળકની હત્યા કરે છે. એવી ક્રૂર પણ બની શકે છે. તમે અહીં જીવતા છો તે ઉપકાર તમારી કરુણામયી માતાનો છે.

સંસાર આખો સ્વાર્થી છે પણ ત્યાંય નિઃસ્વાર્થ ભાવ તો હોય છે. સ્વાર્થથી પણ તમને મોટા તો કર્યા ને ? આ ઉપકાર કહેવાય, ફરજ ગણી ઉપકારને ઉડાવી ન દેવાય - જે ઉડાવી દે છે તે સુપુત્રો નથી કુપુત્રો છે. તેઓને ભવાંતરમાં સારા મા-બાપનો સંયોગ થતો નથી. કોઈ મગરીના કે ભૂખી સિંહણના પેટે જનમવું પડે છે. જે પ્રાણીઓ પોતાને ભૂખ લાગે તો ખુદના સંતાનોને પણ ભક્ષ્ય બનાવી દે છે. તેમનામાં વિવેક થોડો છે ?

અરે, જન્મ્યા પછી પણ માતાની કરુણા ઓછી હોતી નથી. આપણે ઘણાય અપરાધ કર્યા, આપણા માટે તેણે ઘણીવાર સહન કરવાનું આવ્યું ત્યારે આપણા ઉપર માત્ર કરુણા કરી આપણને સાચવ્યા. પોતે વેઠી લીધું - આ પણ કરુણા જ કહેવાય.

જીવદયા કરતાં કરુણાનો વિસ્તાર મોટો છે. એટલે અહીં યુક્તિપૂર્વક કરુણા શબ્દનો પ્રયોગ ગણધર ભગવંતોએ કર્યો લાગે છે.

કહીશ કે, કરુણાના ભાવ સાથે ભગવદ્ ભાવ સંલગ્ન છે. હું તો કહીશ કે, તમારામાં જેટલો કરુણાભાવ હશે તેટલો ભગવદ્ ભાવ આવશે. જ્યારે તમારું હૃદયપૂર્ણ કરુણાભાવથી છલકાતું હશે અને તે પણ સકલ જીવો પ્રત્યે ત્યારે તમે માનવ નહીં ભગવાન હશો.

તમારામાં જેટલો કઠોર-ક્રૂરતાનો ભાવ હશે તેટલા તમે ભગવદ્ ભાવથી નહીં પણ માનવતાથી પણ દૂર થઈ જવાના. ક્રૂર પશુઓ અને ક્રૂર માણસમાં કયો ફરક પડવાનો ? ક્રૂરતા એ જ પશુતા છે અને કોમળતા તે માનવતા છે, ક્રૂરતા કઠોર હૃદયમાં રહે છે. કોમલ હૃદયમાં કરુણાનો વાસ થાય છે. આટલું ગણિત બરાબર બેસાડી દો.

**પ્રશ્ન : કરુણાની અને ક્રૂરતાની વાત ખૂબ સારી લાગી પણ પ્રશ્ન એ છે કે, હૃદયમાં કરુણા લાવવા અને ક્રૂરતાને કાઢવા શું કરવું ?**

**જવાબ :** આટલું બોલ્યા પછી હવે તમે બરાબર ઓનલાઈન થયા છો. જ્યાં સુધી કરુણાની ઈચ્છા જ ન જાગે ત્યાં સુધી તે શબ્દોથી માત્ર સમજાવી શકાય તેવું નથી. ઉપાય તે પૂછે છે, જેને તે કાર્ય કરવું છે ! બરાબર ને ?

તમારી જિજ્ઞાસાનો જવાબ રજું પદ છે. 'છ જીવ' હૃદયમાં કરુણા લાવવા છએ પ્રકારના જીવો ઉપર કરુણા કરતાં રહેવું. દ્રવ્યથી અને ભાવથી.

ક્રમશઃ



# ધ્યાનની ભૂમિકા

## અધ્યાત્મનો સ્રોત ધર્મપ્રવૃત્તિ

લોકોત્તર ક્રિયાઓ વ્યવહારથી નકામી નથી. કેમ કે,

લોકોત્તર ક્રિયાઓમાં એટલી તો શક્તિ છે જ, કે જો જીવ ભવિ હોય, પ્રજ્ઞાપનીય અને સરળ હોય તો આવી ક્રિયાઓ તેને શુદ્ધક્રિયા લાવી આપે છે. મોહવાળી પણ ક્રિયા કરતાં કરતાં મોહખસી જતાં જીવ શુદ્ધ ક્રિયા કરતો થઈ જાય છે. એટલે જ્યાં સુધી મોહ ન ખસે ત્યાં સુધી મોહને કાઢવાનો ટાર્ગેટ કરી ક્રિયાઓમાં સ્થિર રહેવું તેથી અંતે રીઝલ્ટ મળે છે. બીજો કોઈ ઉપાય નથી. કેરી આવશે તો આંબા ઉપર જ આવશે કંઈ બાવળીએ નહીં આવે!

ભગવાને જ કહ્યું છે, જીવોને દ્રવ્યક્રિયાઓ કરતાં કરતાં ભાવ પકડાય છે અને મુક્તિ સુધી પહોંચે છે. પુરુષાર્થ કરવો તે આપણને સ્વાધીન છે. માટે અધ્યાત્મ જોઈતું હોય તો ક્રિયામાં સુધારા કરતા રહેવું - ભાવ ભાવતા રહેવું. કહ્યું છે, **ભાવે ભાવના ભાવીએ, ભાવે કેવળજ્ઞાન !** પણ ક્રિયા છોડીને ભાગી જનારને બીજો કોઈ ઉપાય નથી! તેને તો દુરંત સંસાર જ છે.

સંસારનો ભાવ રાખ્યા વિના ક્રિયાઓ થાય તો તેમાં મોહનીય કર્મનો નાશ અને ઉપશમ થયા કરે છે. ધીરે ધીરે લેવલ વધતાં ઝડપ વધે છે અને સંસાર પ્રત્યે મમત્વ, કદાગ્રહ, મિથ્યાત્વ આદિ મલિનતા ઓછી થતાં મોહનાશની સ્પીડ વધે છે.

**માટે કહ્યું, ક્રિયા કરનારે અહં, ઈગો, દેખાડો, દંભ, માયા, ઈર્ષા પોતાની પ્રસિદ્ધિનો રસ, રસ-ઋદ્ધિનું ગૌરવ વગેરે સમજપૂર્વક ઓછા કરતા જવું આ સાધના છે. ક્રિયાને શુદ્ધ ન થવા દેનાર આ બધી ગંદકી છે, કિચડ છે. જે આત્મામાં અનાદિથી એવો ચોંટીને બેઠેલો છે, કે લોકોત્તર એવી ક્રિયાઓને પણ મલિન કર્યા કરે છે.** તેને ઘસી ઘસીને કાઢવો તે સાધકનું મહત્ત્વનું કાર્ય છે. તેનાથી ઓછા સમયમાં કાર્યસિદ્ધિ થાય છે.

આવા આત્માના પરિણામોથી ક્રિયાશુદ્ધિ થતાં ભાવ અધ્યાત્મ આવવા લાગે છે. તેથી આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ થાય છે.

ભાવપૂર્વકની ધર્મક્રિયાઓ આધ્યાત્મિક ભાવોને લાવી શકે છે. વળી પુણ્યાનુબંધી પુણ્યનું પણ કારણ બને છે. જ્યારે દ્રવ્યક્રિયાઓ (ભાવ વિનાની) તેવા બળવાળી ન હોવાથી તુચ્છ કહી છે. માત્ર પુણ્યબંધનું કારણ બને છે. એટલે અસાર કહી છે. (ઉપલી ભૂમિકામાં અસાર છે પણ નીચલી ભૂમિકા એટલે કે શરૂઆતમાં જીવને દ્રવ્યક્રિયાથી જ પ્રારંભ થાય છે. સમજ આવતાં ધીરે ધીરે તે ક્રિયાઓ શુદ્ધ બનતી હોય છે.)

કેટલાક અનુષ્ઠાનોને આધ્યાત્મિક અનુષ્ઠાન કહે છે. પણ જો તે અનુષ્ઠાનો આત્મસ્વરૂપને પ્રગટ ન કરે તો નામ આધ્યાત્મિક કહેવાય. પ્રગટ કરે તો ભાવ આધ્યાત્મિક કહેવાય. જેમ નામ લક્ષ્મીબેન હોય પણ બીચારી છાણાં વીણતી હોય છે. તે લક્ષ્મી માત્ર નામની લક્ષ્મી કહેવાય. બાકી તો ભીખ માંગીને ખાતી હોય છે.

તો હવે વિચારીએ કે, અધ્યાત્મ લાવવા ક્રિયાઓમાં શું ખૂટે છે. આટલું વાંચ્યા પછી તમને ક્લીયર થઈ ગયું હશે કે, અધ્યાત્મને લાવવાનો ઉપાય લોકોત્તર ક્રિયાઓ છે અને તે ક્રિયાઓમાંથી અશુદ્ધિ કાઢીએ તો તે જ ક્રિયાઓ જીવમાં અધ્યાત્મ લાવી ધ્યાનને સફળ કરી શકે.

માટે પૂજ્યશ્રી કહે છે, **"ભાવ અધ્યાત્મ નિજ ગુણ સાધે, તો તેહશું રઢ મંડો રે..."** માટે ભાવ અધ્યાત્મ મેળવવા મંડી પડો - રઢ લાગવો બીજું બધું જવાદો.

**ભાવ અધ્યાત્મ લાવવા ખૂટતા ભાવો - ક્રિયા કરતાં આટલા ભાવ ભાવવા જોઈએ. ૧. ક્રિયા બતાવનાર તીર્થંકર પરમાત્મા પ્રત્યે હૈયામાં છલોછલ બહુમાન ભાવ. ૨. પ્રભુ જેવા થવાનું દૃઢ પ્રણિધાન. ૩. આત્મશુદ્ધિનું ધ્યેય અને ૪. પોતાની ભૂમિકા અનુસાર આપેલી ક્રિયામાં ઉપયોગ અને ક્રિયા પ્રત્યેનો આદર.**

જૈન-શ્રાવક-સાધુ આ ઉત્તરોત્તર ઉંચી ભૂમિકાઓ છે.

ધ્યાનની ભૂમિકા અને તે માટે જીવમાં અધ્યાત્મ લાવવાની વાત કરી. વિશ્વમાં 'ધ્યાન' શબ્દ ખૂબ જ પ્રસિદ્ધ થયો છે. જાત-જાતાના ધ્યાનના પ્રયોગો, ક્લાસ, શિબિરો અને વર્ગો ચાલે છે.

મધ્યમ માણસ બે છેડા ભેગા કરવા રાત-દિવસ મથે છે. વળી તે અશાંત રહે છે. અનેક પ્રકારના ટેન્શનમાંથી છૂટવા જાત-જાતના નુસખા કરે છે. સમય કાઢી ધ્યાન કરી આવે છે. થોડું સારું લાગે છે પછી સમય ન મળતાં બધું વિસરી જાય છે.

જે લોકો ભૌતિક સુખોથી ત્રાસી ગયા છે. ઘરમાં ને દુકાનોમાં બધી જ સગવડો હોવા છતાં, 'સુખ' હોવા છતાં અશાંત છે. ક્યાંય મન ઠરતું નથી. લાખો વિચારોથી મગજ ઓવરફલો થઈ રહ્યું છે. એવા શ્રીમંતો ધ્યાનના રસ્તે જઈ ટેમ્પરરી શાંતિ ખરીદી લાવે છે. તેમાં તેમનું સ્ટેટસ વધે છે. એટલું સારું છે કે, અશાંતિને દૂર કરવા વાઈન અને વ્યભિચારના રવાડે નથી ચડતા!

હવે તો જગજાહેર થઈ ગયું છે કે, શાંતિ અને સુખ માટે વાઈન અને વ્યભિચારના રવાડે ચડવું એટલે તન-મન અને ધનની ૧૦૦ ટકા બરબાદી છે. ફેમીલિ લાઈફ ઉપર દેવતા મૂકાઈ જાય છે. સમાજમાંથી તેમની હકાલપટ્ટી થવા પણ સંભવ છે અને સામાજિક કે પારિવારિક બંધનો વિનાનો માણસ અને પશુ બન્નેમાં કોઈ ખાસ ફરક નથી. પશુને પણ આવું કોઈ બંધન નથી.

આપણી વાત ચાલે છે ધ્યાનની. ધ્યાન કરવાથી માણસ તેટલા સમય પૂરતો દુનિયાની જંજાળથી અલિપ્ત થઈ જાય છે. પણ અલિપ્ત રહી શક્તો નથી ! થોડીક હળવાશ અનુભવે છે પરંતુ હળવો રહી શક્તો નથી. તેના સ્વભાવમાં ચેન્જ આવે છે પણ હવે કષાયો કે વિષયોના આવેગો નહીં આવે તેવું માનવું ભૂલ ભરેલું છે. કારણ આ તો ટેમ્પરરી શાંતિ છે.

ધ્યાન કરનાર વ્યક્તિઓ પોતાને વિશેષ માને છે. લોકો પણ તેમને જાણી આદર-સત્કાર કરે છે. કેટલાક તો આકર્ષિત થઈ તેમના થઈ જવામાં ગૌરવ માને છે. આવો બધો મેનિયા ચાલ્યો છે.

**પ્રશ્ન : તો શું આ ધ્યાનમાર્ગ નથી ?**

**જવાબ :** તેને ધ્યાનમાર્ગ લોકો કહે છે. જો ધ્યાનમાર્ગ આટલો સરળ અને સહજ હોત ! માત્ર પલાંઠીવાળી બે આંખો બંધ કરી અને ધ્યાન કરતાં આત્માની પ્રાપ્તિ દરેકને થઈ જતી હોત તો વીતરાગ પરમાત્મા એવા પ્રભુએ ધ્યાન પૂર્વેનો લાંબો લચક સંયમપાલન, આચારપાલન અને વ્રત-નિયમોના પાલન સાથે બાહ્ય-અભ્યંતર તપ માર્ગ બતાવ્યો ન હોત!

પ્રભુની અપાર કરુણા હતી કે સર્વે જીવો વહેલામાં વહેલા મોક્ષની સંપ્રાપ્તિ કરે. તે માટે પૂર્વના ૨૫મા ભવમાં તમામ જીવોના દુઃખોને દૂર કરવાની **'સવિ જીવ કરું શાસન રસી'**ની ભાવના ભાવેલી તેના ફળરૂપે પ્રભુને તીર્થંકર નામકર્મનો બંધ થયો. ત્યારબાદ ૨૭મા ભવમાં પ્રભુ તીર્થંકર પરમાત્મા બન્યા, તારક બન્યા અને તેઓશ્રીના નિર્મળ જ્ઞાનમાં જે હતું તે ઉપદેશ રૂપે કહ્યું. મોક્ષમાર્ગ કહ્યો. તે પણ જીવની ભૂમિકા પ્રમાણે કહ્યો. તેમાંય ઉત્સર્ગ અને અપવાદ માર્ગ પણ આપ્યો. વ્યવહાર અને નિશ્ચય બન્ને પ્રકારના ધર્મો આપી માર્ગ ક્લિયર કર્યો.

ધ્યાન એ નિશ્ચયની ભૂમિકા છે. જ્યારે તેને પ્રાપ્ત કરવા કરાતી ધર્મપ્રવૃત્તિ તે વ્યવહાર ભૂમિકા છે. ધર્મપ્રવૃત્તિથી પ્રાપ્ત થતો ધર્મ તે અનુભૂતિ સ્વરૂપ નિશ્ચય છે. એટલે સાધકે પ્રારંભકાળમાં તો નિશ્ચયને હૃદયમાં રાખી, ધ્યેયને હૃદયમાં રાખી ધર્મપ્રવૃત્તિઓ કરવાની છે. ક્યાં સુધી કરવાની ? જ્યાં સુધી નિશ્ચય ન પકડાય ત્યાં સુધી પ્રભુએ ખુદે પણ ૧૨॥ વર્ષ સાધના કરી ત્યારબાદ કેવલજ્ઞાન થયું.

૨૭મો ભવ તેઓશ્રીનો ઘણા કાળની સાધનાનું ફળ હતું એટલે તે ભવમાં પ્રભુએ કહેવાય કે, દીક્ષા લઈ નિશ્ચયની જ સાધના કરી વ્યવહાર ગૌણ હતો. તેમાં છતાં તેઓના શરણે જે આવ્યા તે બધાને પ્રારંભમાં વ્યવહાર ધર્મ આપ્યો. આચારનું પાલન આવ્યું. રત્નત્રયીની આરાધના આપી. તેમના જ્ઞાનમાં લાગ્યું કે આ જીવ નીચલી ભૂમિકાને પ્રાપ્ત કરી ચૂક્યો છે. તેને ઉપલી ભૂમિકાની સાધના આપી. ટૂંકમાં જીવની ભૂમિકા મુજબ પ્રભુએ સાધના આપી. પરંતુ બધાને પોતાની જેમ જ જંગલમાં જઈ તપ અને ધ્યાનમાં જ જોડ્યા નથી.

ત્યારપછી પ્રભુની પરંપરામાં થયેલા શાસ્ત્રકારોએ ધ્યાનનું મૂળ પકડી આપણ સહુને આત્મપ્રાપ્તિ માટે જે માર્ગ બતાવ્યો તે રાજમાર્ગ હતો. જેથી બધા જ જીવો તે માર્ગે ચાલી શકે. જીવની જેવી શક્તિ અને પરિણતિ હોય, જેવો ઉઘાડ હોય, જેવો પૂર્વભવોનો અભ્યાસ હોય તેટલા ઝડપથી આગળ વધી અંતિમલક્ષ્યને પ્રાપ્ત કરી શકે.

ધ્યાનપૂર્વે આપણે અધ્યાત્મની ભૂમિકા અત્યંત જરૂરી છે તે જોયું. અધ્યાત્મવિનાનું ધ્યાન વાસ્તવિક ફળ આપી શક્તું નથી. જીવમાં અધ્યાત્મ બરાબર જામે. સોળે કળાએ ખીલે પછી જે ધ્યાન આવે તે વાસ્તવિક આત્માનંદની અનુભૂતિ કરાવે છે.

# માત્ર અભરખા નહીં, પરિણામનો વિચાર કરો...

દેવિંદચક્કવટ્ટિતણાઈ, રજ્જઈ ઉત્તમા ભોગા।
પત્તા અણંતખુત્તો, ન ય હં તત્તિં ગઓ તેહિં॥
(ઇ.પરાજયશતક)

કંઈ કરવાના, કંઈક બતાવી દેવાના, કશુંક થવાના અભરખા કરવાની છૂટ છે પરંતુ તેના પરિણામનો પણ વિચાર કરજો, જરૂર કરજો સમયને દોષ ન આપો લોકોની કે તમારી બુદ્ધિ જ ખરાબ થઈ ગઈ છે!

ઉપરોક્ત શ્લોક ઈન્દ્રિય પરાજય શતક ગ્રંથનો છે. મહાપુરુષો રેડ સિગ્નલ આપીને ગયા છે, કે તમે અતૃપ્ત બનશો નહીં વિષયોની આગ વિષયોના સેવનથી ક્યારેય બુઝાવાની નથી ! જરા વિચારો...લખે છે, તમારા જ આત્માએ દેવોના પણ ઈન્દ્ર બની દિવ્યભોગો અનંતીવાર ભોગવ્યા છે, પૃથ્વીપર ચક્રવર્તી બની ષટ્ખંડના સામ્રાજ્ય સાથે હજારો સ્ત્રીઓ સાથે મનગમતા ભોગો અનંતીવાર ભોગવ્યા છે. છતાં આ જીવ તૃપ્તિ પામ્યો નથી. આવા દિવ્ય ભોગો કરતાં માનવજાતના તો સાવ તુચ્છ ભોગોમાં હે આત્મન્ ! તું પાગલ ન થા, ગાંડો ન બન ! તારું ખાનદાન તો જો ! તું કેવા કુળમાં જન્મ્યો છે, કે જન્મી છે. તારા મમ્મી કોણ છે ? તારા પપ્પા કેવા ઈજ્જતદાર છે ! સમાજમાં તારી કેટલી શાખ છે છતાં જો તને તારી મર્યાદાઓ તોડીને કંઈક કરી બતાવવાના અભરખા જાગે છે, મનોરથો થાય છે તો ભલે ! પણ મારી આટલી વાત તું માનજે.

યે પદ્મિની ! મુગ્ધબાળા ! તું જો હીરોઈન બનવાના અભરખા કરી રહી છે. જો તું પુરુષ સમોવડી બની દુનિયાને કંઈક બતાવી દેવાના અભરખા કરી રહી છે, તે માટે તારા ઉપકારી વહાલસોયા માતા-પિતાને પણ પૂછવાની દરકાર કરતી નથી અથવા તો તેમના ઉપરવટ થઈ પગલું ભરી રહી છે તો તેના ''પરિણામનો પણ વિચાર કરી આગળ વધજે'' આટલું જ મારે તને કહેવું છે.

બેટા ! તને લાગતું હશે કે, વડીલો અમારા વિકાસમાં બાધા કરે છે. સ્ત્રીઓને તુચ્છ ગણે છે. અમને બધે જ અટકાવવાનું જ કામ કરે છે. તેવું એકાંતે માનીશ નહીં. વડીલો કે આપણી પરંપરાના રિવાજો અને મર્યાદાઓ તમારી સુરક્ષા માત્ર ઈચ્છે છે. જે કન્યાએ પોતાનું કેરેક્ટર-ચારિત્ર ખોયું તે કન્યા કે સ્ત્રી પાસે બીજું કંઈક બચતું નથી તે તું જાણજે.

બેટા ! વર્તમાનમાં એવી ઘટનાઓ બહાર આવી રહી છે, કે હવે મા-બાપો ઘણી ચિંતામાં પડ્યા છે. પોતાની વહાલસોયી કુમળી કળી જેવી દીકરીઓને ભુખ્યા વરુ જેવા દુષ્ટ વિધર્મી અને દુષ્ટ લોકોની જાળમાં સપડાતા સાક્ષાત્ જોઈ રહ્યા છતાં દીકરીના પાગલપનના કારણે અટકાવી શક્તા નથી. પરિણામ એ આવે છે કે, ગીધડાઓ દ્વારા ચૂંથાયેલી દીકરીના મૃતદેહ ઉપર બોર બોર જેવડા આંસુ પાડી પોતાનું મોઢું છુપાવી દે છે.

હૈદરાબાદની ૩-૬-૨૦૨૩ની ઘટનાનો આવો જ એક અંજામ સમાચારપત્રમાં છપાયો છે. આનાથી ય બદતર ઘટનાઓ રોજની બની ગઈ છે છતાં આપણી દીકરીઓને આગમાં સામે ચાલી હોમાઈ રહી છે !

માતા અરુણાની વહાલી દીકરી નામે અપ્સરા ! કૉલેજમાં ભણી, રૂપવાન હતી તેને હીરોઈન બનવાના અભરખા જાગ્યા. સહેલીઓ પણ એવી જ મળી વિચાર્યું મારું ભાવિ તે ક્ષેત્રમાં કેવું છે જરા કુંડલી જ્યોતિષને બતાવી દઉં !

બાંગારું માઈસમ્મા દેવળમાં પૂજારી સાંઈકૃષ્ણા જ્યોતિષનું પણ કાર્ય કરતા. દિકરી એડ્રેસ શોધી સંપર્કમાં આવી. જ્યોતિષના બહાને વારંવાર મુલાકાત, સાંઈએ જાળ બિછાવી ! આવી રૂપવાન દીકરી, કોને લાલચ ન થાય. પોતાની ભાણી માનતો, અપ્સરા મામા કહી બોલાવતી. મામા-ભાણીના સંબંધો દેહ સુધી પહોંચ્યા ! આ બધો ખેલ માતા અરુણાથી છૂપો રહ્યો. માતાએ દીકરી ઉપર કેવો વિશ્વાસ મૂક્યો હશે ? અને દીકરીએ વિશ્વાસઘાતનું કેવું ગોઝારું પાપ આદર્યું. ગર્ભ રહ્યો. અપ્સરા બેચેન બની. કોને વાત કરવી ? સાંઈને વાત, લગ્ન કરો ! ખબર પડી કે આ સાંઈ બે છોકરાનો બાપ છે. ઘરે પત્ની છે. અપ્સરા ભાંગી પડી. શું કરવું ? સાંઈએ સીધો રસ્તો બતાવ્યો. ગર્ભહત્યા. એક પાપ છુપાવવા અનેક પાપોનો માર્ગ પાપીઓ લેતા હોય છે. પણ અપ્સરા વિફરી... સાંઈકૃષ્ણાએ ધીરજથી કામ લીધું. સમજાવી તેના મનની શાંતિ માટે ટૂર ગોઠવી અને કંઈક રસ્તો કાઢવાનો દિલાસો આપ્યો.

ગાડી નીકળી. જંગલમાંથી પસાર થઈ રહ્યાં છે. પૂર્વ

આયોજિત સ્પોટ ઉપર આવતાં જ સાંઈ રાક્ષસના લિબાસમાં ઉતર્યો. નીરવ એકાંત... સુમસામ રોડથી ગાડી અંદર હતી. અપ્સરાને ખેંચી ઉપરા ઉપરી માથા ઉપર ઘા કરવા લાગ્યો. અપ્સરા પહેલા પ્રહારે જ બેભાન થઈ પડી ગઈ. જ્યાં સુધી શ્વાસ ચાલતા હતા. ત્યાં સુધી પૂજારી સાંઈ પરમાધામીની જેમ પ્રહાર કરતો રહ્યો. વાર્તા પૂરી થઈ. અતૃપ્તિની આગ ક્યારેય બુઝાતી નથી. હવે અપ્સરા આ દુનિયામાંથી ઍક્ઝિટ થઈ ગઈ હતી. માતા અરુણા દીકરી વિનાની બની ગઈ. દુનિયાને શું લેવા દેવા ? આવું તો બધું બન્યા જ કરે. સાવ ધિટ્ટા થઈને બેઠેલા પાસે આનાથી વધારે શું જવાબની આશા રાખવી ? બેટા ! તું અપ્સરા નથી. તું એક પવિત્ર આત્મા છે. તારો અંત આવો ન આવે માટે સ્વયં નહીં તારી સુરક્ષાની જવાબદારી તારા સમજદાર માતા-પિતા કે, તારા વડીલોને સોંપજે. તારી પ્રત્યેક પ્રવૃત્તિથી તું તેમને (જ્ઞાત) શેર કરજે. કશુંય છુપાવીશ નહીં. તો તારા પરિવારને દીકરી વિના તડપવું નહિ પડે !

“હે દીકરીઓ ! તમે સ્કૂલ જાઓ, કૉલેજ જાઓ, જોબ ઉપર જાઓ કે આઈ.ટી. ઑફિસ જાઓ. ચારે બાજુ તમારા રૂપ અને દેહને ચૂંથવા ભૂખ્યા વરુઓ સુંદર યુવાનો બની ગોઠવાયેલા છે. તેમની જાળમાંથી ભાગ્યે જ કોઈ છૂટે છે. તમે સપડાતા નહિ !

## Alert World

**બ્રાહ્મી-સુંદરી ગ્રુપ ઓફ વડોદરા :** ગ્રુપની બહેનોએ જીવદયાના દિવસે તા.૨૮-૫ ના જીવદયા નિમિત્તે ૧,૦૮,૦૦૦ રૂા.નું ફંડ કરી **શ્રી વર્ધમાન સંસ્કારધામ**માં મોકલાવ્યું હતું.

**બ્રાહ્મી-સુંદરી ગ્રુપ - વિરાર :**

ગ્રુપની બહેનોએ જીવદયા નિમિત્તે તા.૨૮-૫ ના ૧,૪૫,૦૦૦નું ફંડ કરી. ભાયખલા **શ્રી મોતીશા ચેરીટેબલ ફાઉન્ડેશન - મુંબઈ.** ઍલર્ટ ગ્રુપના સરસેનાધિપતિ **શ્રી નિલેષભાઈ** તથા **જિનેશભાઈ**ને પહોંચાડ્યું હતું.

## જરા વિચારો...

પાપ કરવું તે કર્તવ્ય નથી, પણ કોઈ કર્તવ્ય માને તો તેને સમકિત નાશ થવાનો વારો આવે. ‘પાપ કર્યા વિના સંસાર ન ચાલે.’ આવું બોલનારને મિથ્યાત્વ ઉદયમાં આવે.

જો, કોઈને અન્યાય કરતાં જોઈ કહેવાનું મન થાય, કે આને તો દબાવી જ દેવો જોઈએ, પીટવો જોઈએ વગેરે. આ કષાય થયો તે પાપમાં કર્તવ્ય બુદ્ધિ થઈ. તેથી આગળ જતાં સમકિત નાશ થવાનો વારો આવે.

આપણે કોઈના ઝઘડા જોવા નહિ. જોવાઈ જાય તો ન્યાય-અન્યાયમાં ન પડવું. અન્યાયીને શિક્ષા થાય તેમાં તમારું શું ભલુ થવાનું ? ચિત્તમાં સમાધિ રાખવી. ધર્મના પ્રસંગે જુદી વાત છે. શ્રેણિક મહારાજાએ કોણીકનો અન્યાય મન પર ન લીધો. પણ છેલ્લે મન પર લીધો તો રૌદ્રધ્યાન આવ્યું અને જેથી નરકે ગયા.

જ્યારે શ્રીપાળે ધવલનો અન્યાય મન પર ન લીધો. સમાધિ રાખી તો રાજા બન્યા. સિદ્ધ થશે.

| પૂજ્ય ગુરુદેવના શિષ્યોના ચાતુર્માસ : ૨૦૮૨ | |
|---|---|
| ૧. | **પૂ.આ.વિ. વિરાગરત્નસૂરીશ્વરજી મ. - ઠાણા ૫**<br>**પૂ.આ.વિ. જયસુંદરસૂરીશ્વરજી મ.** સાથે<br>સાંઘાણી શ્રીસંઘ, ઘાટકોપર - મુંબઈ |
| ૨. | **પૂ.મુનિશ્રી ભક્તિરત્ન વિ.મ.**<br>**પૂ.મુનિશ્રી ઋષભરત્ન વિ.મ. - ઠાણા ૫**<br>પુષ્પદંત, સેટેલાઈટ, અમદાવાદ. |
| ૩. | **પૂ.પંન્યાસશ્રી હૃદયરત્ન વિ.મ. - ઠાણા ૮**<br>કેનાલરોડ. જૈન સંઘ, વેસુ, સુરત |
| ૪. | **પૂ.ગણિશ્રી યુગરત્ન વિ.મ.**<br>**પૂ.મુનિશ્રી યશોજયરત્ન વિ.મ. - ઠાણા ૨**<br>નિઝામપુરા, વડોદરા. |
| ૫. | **પૂ.મુનિશ્રી કાશ્યપરત્ન વિ.**<br>**પૂ.આ.વિ.હંસરત્નસૂરીશ્વરજી મ. સાથે**<br>ફલોદી - રાજસ્થાન |
| ૬. | **પૂ.મુનિશ્રી દેવાંગરત્ન વિ.મ.**<br>**પૂ.આ.વિ. હરીકાંતસૂરીશ્વરજી મ. સાથે**<br>કરી રોડ, મુંબઈ ( C.R. ) |
| ૭. | **પૂ.મુનિશ્રી કળશરત્ન વિ.મ. ઠાણા-૨**<br>સેન્ટપાર્ક, અડાજણ, સુરત |

## એલર્ટ ગ્રુપ દ્વારા વિવિધ એક્ટિવવિટી





પૂજ્ય પં.શ્રીની નિશ્રામાં ન્યુ વાસણા ખાતે પર્યુષણ ટ્રેનીંગનું આયોજન





પૂ.ગુરુદેવના શિષ્યોની નિશ્રામાં ચાલી રહેલા ઉપધાનતપની પ્રથમ પૂર્ણાહુતિમાં ૧૦ આરાધકોની માળનો કાર્યક્રમ - મણીલક્ષ્મી તીર્થ - તા.૩૧-૫-૨૬



તલોદ ગ્રુપ દ્વારા બકરીઈદના દિવસે જીવદયાનું સુંદર કાર્ય




૩૧-૫-૨૬ના રોજ થયેલ માઈનોરીટી સેમીનાર




નવું પ્રકાશન 'મન્નહ જિણાણં' સજ્જાય આધારિત વિવેચનનો ભાગ ચોથો. ચારે ભાગો અમદાવાદ તથા માનસમંદિર ઑફિસેથી મળશે.

RNI NO. : GUJGUJ/2006/16904 (Delhi) Publish & Posted on 16th of every month at Ahd. Unaccountable L1
Reg.No. : GAMC 988/2024-2026 Issued by SSP Valid up to 31-12-2026
Licence to Post with Prepayment LPWP Licence No. : PMG/NG/058/2024-2026 Valid up to 31-12-2026



માલિક : શ્રી અર્હદ્ ધર્મ પ્રભાવક ટ્રસ્ટ
૧૭, પ્રાર્થનાપીઠ, ઈલોરાપાર્ક, જૈન દેરાસર પાસે,
નારણપુરા ચાર રસ્તા, અમદાવાદ - ૩૮૦ ૦૧૩
ફોન : 079-27681317

તંત્રી-મુદ્રક-પ્રકાશક : કલ્પેશભાઈ વી. શાહ, અમદાવાદ
મુદ્રક : સર્વોદય ઓફસેટ, અમદાવાદ.

To,

SAMYAK - 98245 15514